ફોજદારી કેસ નંબર.______________

**ચાર્જશીટ રજુ થયાની તારીખ / /**
**ચાર્જશીટ દાખલ થયાની તારીખ / /**
**ફેસલ થયાની તારીખ ૧૩/૦૭/૨૦૧૯**
**અવધિ વર્ષ માસ દિવસ**

# વડોદરાના મહે.એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની વડોદરા

**ફોજદારી કેસ નંબર**

**આંક** _________

**ફરીયાદી** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપી**

---

**ગુન્હો જુગારધારાની કલમ**

---

**// ઠરાવ //**

૧. ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી/આરોપીઓ વિરુધ્ધ જુગારધારાની કલમ મુજબનો ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરૂધ્ધ કરેલ છે.

૨.  આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ  આરોપીએ આજરોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબકકેજ ગુન્હા કબુલાતની પુરસીસ **આંક**______થી રજુ કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુન્હો છે તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે, **આંક.**______થી આરોપીની ગુન્હા સબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ  છે.

૩.  આરોપીને ગુન્હાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાત્રી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

## //  **હુકમ**  //

અ  આરોપી  ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગારધારાની કલમ  મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી રૂા.
(અંકે રૂપીયા એકસો પુરા)નો દંડ કરવામાં આવે છે.

બ  મુદ્દામાલ મોબાઈલ/વાહન અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. મુદામાલ રોકડ રકમ સરકાર જમા કરાવવી. બિનકીમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૩/૭/૨૦૧૯
સ્થળ :વડોદરા

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
(જીજે.૦૦૮૧૧)
૧૦માએડી.ચીફ.જયુડી.મેજી.
વડોદરા

## આંક ૧ લગત હુકમ

**૦૧.** હાલના કેસમાં પોલીસ ધ્વારા આરોપી/આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા ૪,૫ / ૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા અવાર-નવાર પ્રોસેસ સમન્સ / વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સદર પ્રોસેસ બજવણી કરનાર અમલદાર ધ્વારા બજેલ કે વગર બજે પરત આવેલ નથી/ આરોપી ચાલ્યા ગયા છે/ મળી આવતાં નથીના શેરા સાથે પરત આવેલ છે. અદાલત ધ્વારા અવાર નવાર સમન્સ/ વોરંટ કાઢવા છતાં ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષની નિષ્ફળતા ને કારણે કેસ લંબાયેલ છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનો છે. પોલીસ ચાર્જશીટ ઉપરથી દાખલ કરવામાં આવેલ છે. અદાલત ધ્વારા આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ છે. આમ છતાં ફરીયાદપક્ષ આરોપી ને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ છે. સદર કેસનો પ્રકાર તેમજ રેકર્ડ ધ્યાને લેતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ માં પડતો જણાઈ આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે **AIR 2012 SC 3217 Ranjan Dwividi Vs.CBI through The Director General with Ac. Sudevandna Avadhuta Vs. CBI through The Director General** ના ચુકાદા માં ઠરાવેલ છે કે ફોજદારી કોર્ટોએ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની ક. ૩૦૯,૩૧૧ અને ૨૫૮ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં કરવો જોઈએ. એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે **The Criminal courts should exercise their available powers ,such as those under sec 309,311,258 of the code of criminal procedure to effectuate the right of speedy trial. A watchful and diligent trial judge can prove to a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the high court under section 482 Crpc and Articles 226 & 227 of the constitution can be invoked seeking appropriate relief or suitable directions.**

**3.** આ ઉપરાંત નામદાર બોમ્બે હાઈકોર્ટે **Mulchand Motilal**

**Raka Vs. The State of Maharastra 1996 Crimes 177 BOM** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવેલ છે કે **Section 258 of the code which empowers to stop the proceedings in certain cases is inteded to meet with certain situations ,where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter adopting normal procedure contemplated by the code for one reason or other such as herein above stated, in such situation it would be open to Magistrate to stop further proceedings of the case .Section 258 of the code can be resorted to where the special unusual circumstances exist, such as non-appearance of the accused before the court for considerable time or of the important witness of the prosectuion, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore in such situation ,where the Magistrate finds it difficult to decide the case on merit ,whithout any hindrance , in the normal manner, as per procedure under the code, the provisions of Section 258 of the can be resorted to.**

૦૪. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ કેસનું રેકર્ડ તેમજ ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં સદર કેસ ઘણો જુનો છે. ફરીયાદપક્ષને/પોલીસને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કર્યા તારીખથી આજ દિન સુંધી સમન્સ/વોરંટની બજવણી કરી આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુના ની સજાની જોગવાઈ તેમજ કેસનો પ્રકાર ધ્યાને લેતાં કેસને લંબાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ અન્વયે તહોમતદાર વિરુધ્ધની કાર્યવાહી પડતી મુકી આરોપીને બિનતહોમત મુકત ગણી તેમની સામેનો કેસ ફેસલ ગણી ન્યાય

ના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૮ તળે આરોપી/આરોપીઓ સામેની હાલની ઈન્સાફી કાર્યવાહી સ્થગિત કરી આરોપીને તેમની વિરુધ્ધ ના ગુન્હામાંથી બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી મળી આવે તો ફરીયાદપક્ષ તેના તેની સામે ચાર્જશીટ કરવા સામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૦૦(૫) નો બાધ આવશે નહી.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર જમા કરાવવી તથા બિનકીમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૭/૨૦૧૯ મોહંમદસલીમ હબીબખાન પઠાણ
સ્થળ : વડોદરા ૧૦મા એડી.ચીફ.જ્યુડી મેજીસ્ટ્રેટ
જીજે.૦૦૮૧૧
વડોદરા.